# ગાંધીનગર જિલ્લામાં ફાલસાની ખેતી કરી સારી આવક મેળવતા ખેડૂતો

## ચિલોડા, લવારપુર, દહેગામમાં ફાલસાની ખેતીનું વાવેતર : ઉનાળાની ગરમીમાં ઠંડક આપતા ફાલસાનો જ્યુસ અનેક રીતે ઉપયોગી

ચિલોડા, તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ચિલોડા-દહેગામ-લવારપુર ગામે ફાલસાની ખેતી અગ્રેસર મનાય છે. ફાલસાના પાકને સમશીતોષ્ણ આબોહવા વધુ માફક આવે છે. ગોરાડુ જમીનમાં સારૂ ઉત્પાદન મળે છે. ટોપલીમાં વીણવામાં આવે છે. હાલ ચિલોડા-દહેગામ-લવારપુર ગામે બપોર બાદ વીણવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. દહેગામ-અમદાવાદ અને લવારપુર ગામે વેચાણ કેન્દ્રો હોવાથી ખેડૂતો ફાલસાનું વેચાણ કરી રહ્યા છે. ફાલસા ગરમીમાં



(તસવીર : નટુભાઈ પટેલ)

ફાલસાનું ફળનું ઉત્પાદન બીજા કે ત્રીજા વર્ષથી મળે છે. તેના ફળો એપ્રિલ-મે માસમાં ઉતરે છે. ફુલ આવ્યા બાદ પાકાં ફળ ૨૮ થી ૩૧ દિવસમાં તૈયાર થાય છે. ફળ સહેજ લાલ કેસરના થાય ત્યારે દર બીજા દિવસે ઉતારવા પડે છે. દર વર્ષે ડિસેમ્બર માસમાં છાંટણી કરવામાં આવે છે. ફળ વાંસની અનેક રીતે ઉપયોગી અને ખટ્ટમીઠા સ્વાદના હોવાથી લોકો વધુ પસંદ કરી રહ્યા છે. હાલમાં ઉનાળુ ઉત્તમ ફળમાં કેરી, ટેટી, તડબુચ, ચીકુની સાથે ફાલસાના જ્યુસની માંગ વધતાં તેના પ્રમાણસર ભાવ મળે તેવા સંકેતોથી ખેડૂતો બાગાયતી ખેતી તરફ વધુ જોક આપે તેવું મનાઈ રહ્યું છે.

# પ્રધાનપુત્ર મારામારી કેસમાં પોલીસની ધીમી કામગીરી સામે વેપારીઓમાં રોષ

## પોલીસ ત્રણ દિવસથી સી.સી.ટીવી ફુટેઝના આધારે આરોપીની ઓળખવિધિ કરી રહી છે

ગાંધીનગર, તા. ૨૫

પ્રધાનપુત્ર મારામારી કેસમાં ત્રણ દિવસ વિતી ગયા છતાં પણ હજુ સુધી સી.સી.ટી.વી કેમેરાની ફુટેઝ મેળવી આરોપીઓની ઓળખવિધિના બહાના હેઠળ સાવ મંદ ગતિએ સે. ૨૧ પોલીસ કામગીરી કરી રહી છે. અને આરોપી પ્રધાનપુત્રને છાવરી રહી છે. પરિણામે શહેરના વેપારીમાં ઉગ્ર રોષની લાગણી જોવા મળી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગત ગુરૂવારે બપોરના સુમારે શહેરના સે. ૨૧ શોપીંગ વિસ્તારમાં જય ભવાની વડાપાઉના સંચાલકને પ્રધાનપુત્રએ તેના બે મિત્રો સાથે મળી કોઈ કારણ વગર ઢોર માર માર્યો હતો અને ભારે હોબાળો મચાવ્યો હતો. આ ઘટનાને પગલે ઈજાગ્રસ્તને સારવાર અર્થે સિવિલમાં ખસેડવામાં આવ્યો હતો. આ સંદર્ભે સેક્ટર-૨૧ પોલીસમાં ફરિયાદ પણ લેવામાં આવી હતી. જો કે હજુ સુધી આ કેસમાં પોલીસ કોઈ ફરિયાદ નોંધી નથી. ત્રણ ત્રણ દિવસ વિતી ગયા છતાં હજુ સુધી પોલીસ રાજકીય દબાણ હેઠળ ફરિયાદ નોંધવા મગનુ નામ મરી પાડતી નથી અને આરોપીઓને રીતસર છાવરી રહી છે તેવું પણ સ્પષ્ટ પણે દેખાઈ રહ્યું છે. અને છેલ્લા ત્રણ દિવસથી ઘટનાસ્થળે લગાવેલ સી.સી. ટી.વી. કેમેરાની ફુટેઝના આધારે આરોપીઓની ઓળખવિધિ કરી રહી છે. આમ પોલીસ ધીમી ગતિએ કામગીરી કરતી હોવાનો આક્ષેપ પણ વેપારી આલમમાંથી થઈ રહ્યો છે. અને પોલીસ તુરંત આરોપીને ઝડપી કડક કાર્યવાહી કરે તેવી માંગ પણ વેપારીઓ કરી રહ્યા છે.

# પ્રધાનપુત્ર અમાનવીય પરાક્રમ સામે કોંગ્રેસે આવેદનપત્ર આપ્યુ

## પ્રધાનપુત્રએ બે દિવસ અગાઉ સે. ૨૧ના વેપારીને કારણ વગર ઢોર માર માર્યો હતો : આરોપીઓની ધરપકડ કરવા પોલીસ લાચાર : પોલીસ રાજકીય દબાણ હેઠળ પોલીસ ફરિયાદ લેવાનુ ટાળે છે : નગરના વેપારીમાં ભારે રોષ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરના જાણીતા વેપારી પર મંત્રીના પુત્રએ કરેલા



હૂમલા અંગે તાત્કાલિક તપાસ કરી આરોપીઓની ધરપકડ કરવા બાબતે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકરોએ જિલ્લા પોલીસ વડાને આવેદનપત્ર આપ્યુ હતુ અને અસરકારક પગલા લેવા માંગ કરી છે.

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન જુદા જુદા વિસ્તારોમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. આથી સતત ગુનાનો ગ્રાફ ઉપર જઈ રહ્યો છે. ત્યારે બે દિવસ પહેલા સે. ૨૧ ખાતે અશોક પાન પાર્લર પાસે નશામાં મસ્ત એવા મંત્રીના પુત્રએ ગાડી લઈ આવી સુજલ શાહ નામના યુવકને ઢોર માર માર્યો હતો. આ સમગ્ર ઘટનાને ત્રણ-ત્રણ દિવસો વિતી ગયા તેમ છતાં હજુ સુધી નિર્દોષ અને કારણ વિના ઢોર માર મારનાર આરોપીઓને ઝડપી પાડવામાં નિષ્ફળ રહી છે. આરોપીની સામે કાર્યવાહી કરવાને બદલે રાજકીય દબાણ હેઠળ ગાંધીનગર પોલીસ કામ કરતી હોવાનો પણ આક્ષેપ કોંગ્રેસે કર્યો હતો અને જિલ્લા પોલીસવડા આ મામલે નિષ્પક્ષ રીતે તપાસ કરી ગુનેગારોની ધરપકડ કરાવેતેવી માંગ સાથે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિએ આવેદનપત્ર આપ્યુ હતુ. ઉપરાંત ગાંધી ચિંધ્યા માર્ગે કાર્યક્રમો કરવાની પણ ચિમકી ઉચ્ચારી હતી.

# આલમપુર પાસે અજાણ્યા વાહનની ટક્કરે અજાણ્યા રાહદારીનું મોત

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આલમપુર પાટીયા પાસે સવારે અજાણ્યા વાહનચાલકે એક રાહદારીને કચડી નાખ્યો હતો. જેમાં તેનું કરૂણ મોત નિપજ્યુ હતુ. આ સંદર્ભે ચિલોડા પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ ચિલોડા-ગાંધીનગર માર્ગ પાસે આલમપુર ગામ આવેલુ છે. જ્યાં આજે સવારે ૯ વાગ્યાના સમયે માનસિક રીતે બિમાર ૪૨ વર્ષીય અજાણ્યો પુરૂષ રાહદારી પસાર થઈ રહ્યો હતો. આ દરમિયાન પુરપાટ ઝડપે દોડી આવતા અજાણ્યા વાહનના ચાલકે રાહદારીને પાછળથી જોરદાર ટક્કર મારતા રાહદારી માર્ગથી દૂર ફંગોળાઈ ગયો હતો અને શરીર તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. આ સંદર્ભે પોલીસે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની અને અજાણ્યા મૃતકના પરિવારની શોધખોળ ચિલોડા પોલીસે શરૂ કરી છે.

# પ્રજાપતિ સમાજને વેગવંતો બનાવવા સમારોહ યોજાશે

શ્રી સમસ્ત ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા આજરોજ રવિવાર બપોરે ૩.૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે મુકેશ આર. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સમાજનો વિકાસ-વિચાર પર મંથન વિષય પર કાર્યક્રમ યોજવામાં આવશે. સમારોહમાં પરમ પૂજ્ય મહામંડલેશ્વર ૧૦૦૮ વિશ્વંભર ભારતીબાપુ, મોતીભાઈ પ્રજાપતિ, શિક્ષણ કન્વિનર ધનજીભાઈ પ્રજાપતિ ડિરેક્ટર, ગોકળદાસ પ્રજાપતિ, કે.ડી. પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહેશે. સમાજને વેગવંતો બનાવવા માટે નગરમાં વસવાટ કરતા તમામ પ્રજાપતિ ભાઈઓ-બહેનોને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવ્યુ છે.

# શહેરમાં ભોજલરામ બાપાની જન્મ જયંતિએ શોભાયાત્રા

ગાંધીનગર, તા.૨૫

શ્રી સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સેવા સમાજ ગાંધીનગર દ્વારા સેવાના ભેખધારી સદગુરુ શ્રી ભોજલરામ બાપાની ૨૩૦મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૪-૫-૨૦૧૫ને સોમવાર સવારે ૮.૧૫ કલાકે સમાજભવન સે-૭થી શોભાયાત્રાનું આયોજન કર્યું છે તેમજ પટેલ સમાજ દ્વારા જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ તથા રેડક્રોસ સોસાયટી ગાંધીનગરના સહયોગથી રકતદાન કેમ્પ અને ડેન્ટલ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

નગરજનોને શોભાયાત્રા અને રકતદાન કેમ્પમાં ઉપસ્થિત રહી સહયોગ આપવા અપીલ કરવામાં આવી છે.

# વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિન્દુ હેલ્પલાઈન શરૂ કરી

ગાંધીનગર, તા.૨૫

વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા હિદુ બંધુત્વ ઉભુ કરવા માટે હિન્દુ હેલ્પ લાઈન સેવા શરૂ કરવામાં આવી છે. દેશનો હિન્દુ નાગરિક કોઈ પણ ખુણામાંથી એક કોલ દ્વારા પોતાની સમસ્યાનું સમાધાન મેળવી શકશે.

હિન્દુ હેલ્પલાઈન વિભાગની અખિલ ભારતીય બેઠક આજે પ્રેક્ષા વિશ્વભારતી કોબા ખાતે યોજાઈ હતી. બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. પ્રવિણ તોગડિયાએ જણાવ્યું હતું કે દેશમાં સૌથી મોટું હિન્દુ બંધુત્વ ઉભું કરવામાં આવશે. જેનાથી કોઈ પણ પરિચય વગર વ્યકિત એકબીજાને મદદરૂપ થઈ શકશે.

વધુમાં જણાવ્યું હતું કે હિન્દુ હેલ્પ લાઈનનો વિચાર આજથી ૭ વર્ષ પહેલા આવ્યો હતો. હેલ્પલાઈનને લીધે દેશના દરેક રાજયમાં હિન્દુને મદદ મળશે. યાત્રાધામ હોય કે હોટલ સહિતની માહિતી ફકત કોલથી મળશે. વચ્ચે કોઈ પણ પ્રકારના વચેટીયા રાખવાની જરૂર પડશે નહિ.

હેલ્પલાઈનથી મદદ કરનાર અને મદદ માગનાર વ્યકિત સીધે સીધા જોડાઈ શકશે અને બે જ મિનિટમાં સમસ્યાનું સમાધાન મેળવી શકશે. હેલ્પ લાઈન નંબર ૦૨૦૬૬૮૦૩૩૦૦, ૦૭૫૮૮૬૨૧૮૩ અને ૧૮૬૦૨૩૩૬૬૬ ડાયલ કરવાથી દરેક હિન્દુ મદદ મેળવી શકશે.

# ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટના ફરી ધાંધીયા નગરજનોને રાત્રે ચાલવા જવુ જોખમી બન્યુ


## માર્ગ નં. ૬ ઉપર અનેક થાંભલાની લાઈટો ડુલ, સૌરભ સોસાયટીના બે થાંભલાના વારંવાર રીસામણા

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરમાં મુખ્ય માર્ગો ઉપરની લાઈટોથી રાત્રી નજારો ઝળહળી ઉઠે છે. પરંતુ આ લાઈટોની સમયાંતરે યોગ્ય મરામત ન થતાં અમુક થાંભલાની લાઈટો બંધ થઈ જાય છે. જેમાં માર્ગ નં. ૬ ઉપરની લાઈટો ઘણા સમયથી બંધ છે. છતાં કંપની દ્વારા કોઈ જ કાર્યવાહી થતી નથી. વધુમાં આ માર્ગ નજીક આવેલી સૌરભ સોસાયટીના બે થાંભલા વારંવાર બંધ થઈ જતા હોવા છતાં મૂળભૂત કારણનું નિવારણ કરાતુ નથી. જેથી ઉનાળામાં રાત્રે ચાલવા-ફરવા નીકળતા નગરજનોને આ અંધકારમય માહોલ જોખમ ભર્યો લાગી રહ્યો છે. કંપની નગરમાં માર્ગો અને સોસાયટીઓમાં સ્ટ્રીટલાઈટોની જાળવણીમાં નિષ્ફળ નિવડી રહી હોવાનો આક્ષેપ પણ નગરજનો કરી રહ્યા છે.

ગાંધીનગરના મુખ્ય તેમજ આંતરિયાળ માર્ગો ઉપર સ્ટ્રીટલાઈટના અજવાળા રાત્રીએ રોનક વધારી રહ્યા છે. પરંતુ અંધારાને ઉલેચતા આ સ્ટ્રીટલાઈટના અજવાળા એકાદ અઠવાડીયાથી બંધ થઈ ભયજનક સ્થિતિ પેદા કરી રહ્યા છે. ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટની નિભાવણી કરતી ટોરેન્ટ કંપની તરફથી સમયાંતરે મરામત હાથ ધરતી ન હોવાથી મુખ્ય માર્ગોની લાઈટો બંધ રહે છે. જેથી ઉનાળાની કાળઝાળ ગરમીથી રાહત મેળવવા રાત્રીએ બહાર ચાલવા કે ફરવા નીકરતા નગરજનો માટે જોખમભર્યુ બન્યું છે. માર્ગો ઉપરના ઘોર અંધકાર થકી ગુન્હાહીત પ્રવૃત્તિ થવાની શક્યતાએ કેટલાક લોકો માર્ગો ઉપર જવાનુ ટાળી રહ્યા છે. વધુમાં મુખ્ય માર્ગ એ નગરજનોની જવાબદારી ન હોવા છતાં ટોરેન્ટ કંપનીના ફરીયાદ નંબર ઉપર કોમ્પ્યુટરાઈઝ કોલ સેન્ટર ઉપલબ્ધ થઈ જતાં ફરજ્યાત સર્વીસ નંબર નાખવો પડી રહ્યો છે.

માર્ગ નં. ૬ ઉપર એક અઠવાડીયાથી ઘણી સ્ટ્રીટાઈટ બંધ હાલતમાં છે. વળી આ માર્ગની બાજુમાં આવેલ સેક્ટર-૨૩ની સૌરભ સોસાયટીના થાંભલા પણ વર્ષમાં ઘણી વખત બંધ પડી જાય છે. છતાં ઉપર છલ્લુ મરામતી કામ કરી કામ ચલાઉ લાઈટ ચાલુ કરાય છે. જે વારંવાર બંધ થઈ જાય છે. આમ નગરજનો સ્ટ્રીટલાઈટ સંદર્ભે કંપનીની કામગીરીથી અત્યંત નારાજ જણાઈ રહ્યા છે. કંપની દ્વારા ઉચ્ચ કક્ષાએથી આ અંગે યોગ્ય તપાસ હાથ ધરી ચોક્કસ કામગીરી કરાય તેમજ જવાબદાર વિરૂદ્ધ પગલા લેવાય તેવી માંગ ઉઠવા પામી છે.



આજે વિશ્વ મેલેરિયા દિન નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરના સે. ૧૩, ૨૪, ૨૮, ચરેડી છાપરામાં મેલેરિયા સામે જાગૃતિ અંગેના સેમિનાર યોજવામાં આવ્યા હતા. તો જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા પેથાપુર, કલોલ, માણસા સહિત ૨૦ થી વધુ પ્રા.આ. કેન્દ્રો અને સામુહિક આરોગ્ય કેન્દ્રોમાં પણ મહિલા જાગૃતિ શિબિરોનું આયોજન કરાયું હતું.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૩
સૂર્યાસ્ત : ૭.૦૬

## તાપમાન

મહત્તમ : ૩૯.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૨૫ ટકા

## મનોરંજન

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨ :**

ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૯.૧૫, ૧૨.૧૫, ૬.૩૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૩.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૩ :**

ધરમ સંકટ મેં : ૧૦.૪૫, ૧.૩૫, ૪.૪૫, ૭.૧૫, ૧૦.૦૫

**સ્ક્રીન-૪ :**

એક પહેલી લીલા : ૯.૪૫, ૧૨.૫૦, ૩.૫૫, ૭.૦૦, ૧૦.૦૫

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**

મિ. એક્સ : ૩.૩૦, ૧૦.૦૦
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૭.૦૦

**સ્ક્રીન-૩ :**

મિ. એક્સ : ૧૨.૪૫, ૬.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ ૭ : ૩.૪૫, ૯.૪૫
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૨.૩૦

**સ્ક્રીન-૪ :**

જો બકા : ૧૦.૦૦
ડિટેકટીવ વ્યોમકેશ બક્ષી : ૧.૦૦
લીલા : ૪.૦૦, ૧૦.૧૫
ધરમ સંકટ મેં : ૭.૦૦

**સ્ક્રીન-૫ :**

મિ. એક્સ : ૧૦.૦૦
લીલા : ૧૨.૪૫
માર્ગરીટા વીથ અ સ્ટ્રો : ૩.૩૦, ૧૦.૦૦
ફાસ્ટ એન્ડ ફ્યુરીયસ (હિન્દી) : ૧૦.૦૦, ૩.૪૫
એન. એસ. ૮ : ૫.૩૦, ૭.૩૦

## આપની આજ

**મેષ** : આત્મવિશ્વાસથી કાર્ય કરવું. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : તમારી બુદ્ધિ અને ખરા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સન્માન પ્રાપ્ત કરશો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દ્રઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે.

**તુલા** : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : ભાગ્યથી પ્રગતિ અને આધ્યાત્મિક લાભ થશે. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે.

**કુંભ** : ભૂમિ, વાહન, યંત્ર વગેરેથી લાભ થશે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : માનસિક અસ્થિરતા દૂર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે.વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર જાગૃતિબેન પ્રહલાજી (ઉ.વ.૨૪) મુ. ઉવારસદ તા.જી. ગાંધીનગર
- સ્વ. રુદ્રબહાદુર ભોજબહાદુર બોગટી (ઉ.વ.૩૮) બ્લોક નં. ૩૮૪-એ/૮, જ-૨, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. સોલંકી પ્રહલાદજી સોમાજી (ઉ.વ.૬૩) મુ. બુટાકીયા (ડભોડા) તા.જી. ગાંધીનગર
- સ્વ. દરબાર મનહરબા રવિરાજસિંહ (ઉ.વ.૪૨) સીપા ચકલા, ટાંકવાસ, રાંધેજા, તા. જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર ગીતાબેન ગલાબજી (ઉ.વ.૧૦૦) મુ. ગોલથરા, તા.કલોલ, જી. ગાંધીનગર